KCG- Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014
Continuous Issue-18 | May – June 2018

# ધોરણ – ૧૧નાં વાણિજ્ય વ્યવસ્થા વિષયની સિધ્ધિ પર PPT ની અસરકારકતા


## સારાંશ

પ્રસ્તુત અભ્યાસ ધોરણ – ૧૧ના વાણિજ્ય વ્યવસ્થા વિષયની સિધ્ધિ પર PPTની અસરકારકતા જાણવા માટેનો છે. તેથી અભ્યાસકે માત્ર ઉત્તર કસોટી, સમકક્ષ જૂથ પ્રાયોગિક યોજના પધ્ધતિનો ઉપયોગ કર્યો. નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ માટે ૪૦+ ૪૦ એમ કુલ ૮૦ વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કર્યો. નિયંત્રિત જૂથને વાણિજ્ય વ્યવસ્થા વિષયનો સંદેશાવ્યવહાર એકમ પરંપરાગત પધ્ધતિ અને પ્રાયોગિક જૂથને PPT ધ્વારા અધ્યાપન કાર્ય કરી બંને જૂથને સંદેશાવ્યવહારના એકમની ૫૦ ગુણની ઉત્તર કસોટી આપી તેમાં પ્રપ્તાંકોને આધારે t મૂલ્ય શોધવામાં આવ્યું. અભ્યાસ પરથી ફલિત થાય છે કે PPT ધ્વરા વિદ્યાર્થીઓની સિધ્ધિમા વધારો થાય છે.PPT એ અધ્યાપન માટે અસરકારક પધ્ધતિ છે.



## ચાવીરૂપ શબ્દો :-

*Power Point Presentation, સિધ્ધિ*


## ૧. પ્રસ્તાવના:-

વેદકાલીન શિક્ષણમાં કથન, શ્રવણ અને મનન જેવી શિક્ષણની પધ્ધતિ ધ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવતું હતું. સમયાંતરે શિક્ષણની પધ્ધતિઓમા આમૂલ પરિવર્તન આવ્યું, અને નવી નવી શિક્ષણની પધ્ધતિઓ જેવી કે કથન-ચર્ચા, જૂથ-ચર્ચા, પ્રોજેક્ટ પધ્ધતિ, સમસ્યા ઉકેલ પધ્ધતિ, આગમન-નિગમન પધ્ધતિ અસ્તિત્વમાં આવી. જુદા-જુદા ધોરણોમાં અને વિષયાંગ અનુસાર જુદી-જુદી પધ્ધતિઓમાં શિક્ષણ આપવામાં આવે છે. જેમ કે બાલમંદિરના વિદ્યાર્થીઓને મોન્ટેસરી પધ્ધતિથી, પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને નિદર્શન પધ્ધતિ અને મોટા ધોરણમાં વિદ્યાર્થીઓને કથન-ચર્ચા, જૂથ, નિદર્શન વગેરે પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે. તેમાં પણ નિદર્શન પધ્ધતિ એ બધા જ ધોરણના વિદ્યાર્થીઓ માટે ખુબ જ મહત્વની છે. નિદર્શનપધ્ધતિમા જુદા જુદા શૈક્ષણિક સાધનો જેવા કે ચાર્ટ્સ-ચિત્રો, રેડિયો ટીવી મોડેલ PPT વગેરેના ઉપયોગ ધ્વારા શિક્ષણ આપવામાં આવે છે. તેવું માનવામાં આવે છે કે આ પધ્ધતિ અને શૈક્ષણિક સાધનો ધ્વારા આપવામાં આવતું શિક્ષણ બધા જ ધોરણોમાં વિદ્યાર્થીઓ માટે અસરકારક હોય છે. હુંM.COM.,M.ED. છું તેથી ઉચ્ચતરમાધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ખરેખર આ પધ્ધતિ અને શૈક્ષણિક સાધનો અસરકારક છે કે કેમ તે જાણવા માટે મેં ધોરણ – ૧૧ નાં વાણિજ્યવ્યવસ્થા વિષયની સિધ્ધિ પર PPT ની અસરકારકતા પર સંશોધન હાથ ધર્યું.

**૨. સમસ્યા વિધાન :-**

ધોરણ – ૧૧નાવાણિજ્ય વ્યવસ્થા વિષયની સિધ્ધિ પર PPT ની અસરકારકતા.

**૩. ચાવીરૂપ શબ્દોની પરિભાષા :-**

1. PPT :POWERPRESENTATION
2. સિધ્ધિ :વાણિજ્ય વ્યવસ્થાના સંદેશાવ્યવહાર એકમની ૫૦ ગુણની કસોટી પરના પ્રાપ્તાંકો.

**૪. અભ્યાસના હેતુઓ :-**

1) ધોરણ – ૧૧ નાં વાણિજ્યવ્યવસ્થા વિષયનાસંદેશાવ્યવહાર એકમની સિધ્ધિ પર PPTની અસરકારકતા જાણવી.
2) ધોરણ – ૧૧નાવાણિજ્ય વ્યવસ્થા વિષયનાસંદેશાવ્યવહાર એકમની સિધ્ધિ પર PPT ની અસરકારકતા તેમનાં જાતીયતાના સંદર્ભમાં જાણવી.

**૫. અભ્યાસ હેઠળના ચલ :-**

1) સ્વતંત્ર ચલ :-

A. અધ્યાપન પધ્ધતિ :-

a) PPT ધ્વારાઅધ્યાપન

b) પરંપરાગત

B. જાતીયતા:-

a) છોકરાઓ

b) છોકરીઓ

2) પરતંત્ર ચલ :- વાણિજ્ય વ્યવસ્થાનાંસંદેશાવ્યવહાર એકમની સિધ્ધિ.

**૬. ઉત્કલ્પના:-**

Ho1 ધોરણ – ૧૧ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાંવિદ્યાર્થીઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

Ho2 ધોરણ – ૧૧ નાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના છોકરાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

Ho3 ધોરણ – ૧૧ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાછોકરીઓના ઉત્તર કસોટીનાંપ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**૭. અભ્યાસનું સીમાંકન :-**

- આ અભ્યાસ અમદાવાદની ગુજરાતી માધ્યમની શાળા પૂરતું માર્યાદિત છે.

- આ અભ્યાસમાં ધોરણ – ૧૧નીવાણિજ્યવ્યવસ્થાનાંસંદેશાવ્યવહારનાં એકમની સિધ્ધિ કસોટીની રચના અભ્યાસક ધ્વારા કરવામાં આવેલ છે. તેથી તેની મર્યાદા આ અભ્યાસની મર્યાદા રહેશે.

**૮. અભ્યાસની પધ્ધતિ :-**

આ અભ્યાસમાં ફક્ત ઉત્તર કસોટી સમકક્ષ જૂથ પ્રાયોગિક યોજનાનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં સમકક્ષ જૂથનીરચના કરવા માટે ધોરણ – ૧૧ નાં વિદ્યાર્થીના તેમને SSC મા મેળવેલ ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો.

**૯. વ્યાપવિશ્વ:-**

આ અભ્યાસમાં અમદાવાદ શહેરની ગુજરાતી માધ્યમના ધોરણ – ૧૧ નાં વર્ષ ૨૦૧૭-૧૮ નાં તમામ વિદ્યાર્થીઓના અભ્યાસનું વ્યાપવિશ્વ છે.

**૧૦. નિદર્શ:-**

આ અભ્યાસમાં નિયંત્રિત જૂથમા વિદ્યાર્થીઓ(૨૦ છોકરાઓ અને ૨૦ છોકરીઓ) અને પ્રાયોગિક જૂથમા ૪૦ વિદ્યાર્થીઓ (૨૦ છોકરાઓ અને ૨૦ છોકરીઓ) એમ કુલ ૮૦ વિદ્યાર્થીઓનો નિદર્શ લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ SSC માં મેળવેલ ટકાવારીને આધારે સમકક્ષ જૂથો ની રચના કરવામાં આવી.

**૧૧. અભ્યાસનું સાધન :-**

A. અભ્યાસકે ધોરણ – ૧૧નાવાણિજ્ય વ્યવસ્થા વિષયના સંદેશાવ્યવહારએકમ માટે PPT ની રચના કરવામાં આવી.

- સંપૂર્ણ એકમ માટે કુલ ૨૫ સ્લાઈડસ તૈયાર કરવામાં આવી. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિષયવસ્તુનાંમુદ્દા | PPTનીસંખ્યા |
|---|---|---|
| ૧૦.૧ | આંતરરાષ્ટ્રીય વેપારનોખ્યાલ | ૧ |
| ૧૦.૨ | આંતરરાષ્ટ્રીયવેપારનું મહત્વ | 3 |
| ૧૦.3 | નિકાસ-વેપાર માટેનાપ્રોત્સાહનો | ૫ |
| ૧૦.૪ | આયાતવિધિ | ૫ |
| ૧૦.૫ | નિકાસવિધિ | ૫ |
| ૧૦.૬ | આંતરરાષ્ટ્રીય વ્યાપારસંધિકરાર અને વિશ્વ વ્યાપાર સંગઠનની ભૂમિકા | 3 |
| ૧૦.૭ | આંતરરાષ્ટ્રીય વેપારનીસમસ્યાઓ | 3 |

B. અભ્યાસકે ધોરણ – ૧૧ નાં વાણિજ્ય વ્યવસ્થાના સંદેશાવ્યવહારએકમ માટે કુલ ૫૦ ગુણની કસોટી તૈયાર કરી જેમાં...

| પ્રશ્નપ્રકાર | પ્રશ્નસંખ્યા | ફાળવેલ ગુણ | ભારાંક |
|---|---|---|---|
| નીબંધાત્મકપ્રશ્નો | ૩ | ૧૫ | ૩૦ |
| ટૂંક જવાબીપ્રશ્નો | ૪ | ૧૨ | ૨૪ |
| અતિ ટૂંકજવાબી પ્રશ્નો | ૬ | ૧૨ | ૨૪ |
| અનાત્મકલક્ષીપ્રશ્નો | ૧૧ | ૧૧ | ૨૨ |
| કુલ | ૨૪ | ૫૦ | ૧૦૦ |

સમાવેશ કરવામાં આવ્યો.આ કસોટીનો કુલ સમયગાળો ૧:૩૦ કલાક રાખવામાં આવ્યો.

**૧૨. પ્રયોગ કાર્ય :-**

1. અભ્યાસકે નિયંત્રિત જૂથને પરંપરાગત પધ્ધતિથીસંદેશાવ્યવહાર એકમનું અધ્યાપન કાર્ય કર્યું.
2. અભ્યાસકે પ્રાયોગિક જૂથને સંદેશાવ્યવહાર એકમનું PPT ધ્વારા અધ્યાપન કર્યું.
3. બંને જૂથને અલગ-અલગ પધ્ધતિથીભણાવ્યા બાદ બંને જૂથને ઉત્તર કસોટી આપી.
4. અભ્યાસકે બંને જૂથનાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીની ચકાસણી કરી કુલ ગુણ મેળવ્યા.

**૧૩. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :-**

માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કોષ્ટક ધ્વારા સમજાવવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

| ચલ | જૂથ | N | MEAN | SD | SED | t | REMARK |
|---|---|---|---|---|---|---|---|
| જૂથ | નિયંત્રિત | ૪૦ | ૩૦.૩ | ૩.૦૯ | ૦.૫૭ | ૧૬.૦૮ | Sign-0.01 |
| | પ્રાયોગિક | ૪૦ | ૩૯.૪૭ | ૧.૮૬ | | | |
| છોકરાઓ | નિયંત્રિત | ૨૦ | ૩૦. | ૩.૨૨ | ૦.૭૨ | ૧૩.૫૯ | Sign-0.01 |
| | પ્રાયોગિક | ૨૦ | ૩૯.૦૮ | ૧.૯૬ | | | |
| છોકરીઓ | નિયંત્રિત | ૨૦ | ૩૦.૦૬ | ૨.૯૨ | ૦.૬૫ | ૧૩.૦૮ | Sign-0.01 |
| | પ્રાયોગિક | ૨૦ | ૩૯.૧૫ | ૧.૬૮ | | | |

સારણી૧જોતાં.

1. ધોરણ – ૧૧ના વાણિજ્ય વ્યવસ્થાની સિધ્ધિ પર PPT ની અસરકારકતા જાણવા માટે સિધ્ધિ કસોટીનો પ્રાપ્તાંકોનો ગણેલ t મૂલ્ય ૧૬.૦૮ મળ્યો. જે ૦.0૧ કક્ષાએ સાર્થક છે. તેથી Ho1 નો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે પરંપરાગત પધ્ધતિ અને PPT ધ્વારા અધ્યાપન પધ્ધતિ વચ્ચે સાર્થક ભેદ છે અને તે PPT ધ્વારા અધ્યાપનના તરફેણમાં છે. તેથી કહી શકાય કે પરંપરાગત પધ્ધતિ કરતાં PPT ધ્વારા અધ્યાપન વધુ અસરકારક છે.
2. ધોરણ-૧૧ના છોકરાઓના વાણિજ્ય વ્યવસ્થાની સિધ્ધિ પર PPT ની અસરકારકતા જાણવા માટે ગણેલ t મૂલ્ય ૧૩.૫૯ મળ્યું. જે ૦.0૧ કક્ષાએ સાર્થક છે. તેથી Ho2 નો અસ્વીકાર થાય છે. તેથી સાબિત થાય છે કે

પરંપરાગત પધ્ધતિ અને PPT ધ્વારા અધ્યાપન વચ્ચે સાર્થક તફાવત છે. જે PPT ધ્વારા અધ્યાપન પધ્ધતિની તરફેણમાં છે. તેથી કહી શકાય કે ધોરણ -૧૧ના બાળકો માટે PPT ધ્વારા અધ્યાપન વધુ અસરકારક છે.

3. ધોરણ – ૧૧ના છોકરીઓના વાણિજ્ય વ્યવસ્થાની સિધ્ધિ પર PPTની અસરકારકતા જાણવા માટે ગણેલ t મૂલ્ય ૧૩.૦૮ મળ્યું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. તેથી$H_{03}$નો સ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે ધોરણ – ૧૧ના છોકરીઓના નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથની છોકરીઓની વાણિજ્ય વ્યવસ્થાની સિધ્ધિ વચ્ચે સાર્થક ભેદ છે. જે પ્રાયોગિક જૂથની છોકરીઓના તરફેણમાં છે. તેથી સાબિત થાય છે. છોકરીઓની સિધ્ધિ નિયંત્રિત જૂથની છોકરીઓ કરતા વધુ છે. આમ ધોરણ – ૧૧નિ છોકરીઓની સીધી પર PPT ધ્વારા અધ્યાપન પધ્ધતિ અસરકારક છે.

**૧૪. તારણો:-**

1. પરંપરાગત પધ્ધતિ કરતા PPT ધ્વારા અધ્યાપન પધ્ધતિ વધુ અસરકારક છે.
2. ધોરણ – ૧૧ના વાણિજ્ય વ્યવસ્થાની સિધ્ધિમાં PPTનાં કારણે વધારો થયો.
3. ધોરણ – ૧૧ નાં છોકરા અને છોકરીઓની વાણિજ્ય વ્યવસ્થા વિષયની સિધ્ધિ PPTનાં કારણે વધી.
4. PPTધ્વારા અધ્યાપન થી વિદ્યાર્થીઓની સિધ્ધિ વધે છે.
5. PPT ધ્વારા અધ્યાપન પધ્ધતિ અસરકારક છે.

**૧૫. શૈક્ષણીક ફલિતાર્થો :-**

1. PPT એ અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં વધુ અસરકારક છે.
2. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિમાં વધારો કરવા માટે PPT ધ્વારા અધ્યાપન અસરકારક રહેશે.
3. અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં PPT ધ્વારા અધ્યાપન વધારવું જોઈએ.
4. ટેકનોલોજી અને કોમ્પ્યુટર ધ્વારા અધ્યાપન વિદ્યાર્થીઓ માટે અસરકારક બને છે.
5. શિક્ષક PPT ધ્વારા અધ્યાપનથી પોતાની અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા સુધારી શકે છે.

**ઉપસંહાર:-**

આમ, અભ્યાસકે પ્રાયોગિક સંશોધન પધ્ધતિ ધ્વારા ઉચ્ચતર માધ્યમિક ધોરણનાં વિદ્યાર્થીઓ પર PPT ની અસરકારક ચકાસી અને સંશોધનમાં જાણવા મળ્યું કે ખરેખર વિદ્યાર્થીઓની સિધ્ધિ શૈક્ષણિક સાધનોના ઉપયોગ ધ્વારા વધે છે. તેથી કહી શકાય કે વિદ્યાર્થીઓની સિધ્ધિમા વધારો કરવા માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ આશીર્વાદરૂપ છે.

## References


i. Adamu, A.U. (2004). Application and the use if ICT for Teaching and Learning www.Kanoonline.com/aqudamu

ii. Best, John W. and Kahn, James (2009). “Research in Education” (10th Ed.) New Delhi: PHI Private Ltd.

iii. Patel, R.S. (2008). “Statically Method for Education Research”. Ahmedabad. Jay Publication

iv. Vallikkad Santosh (2009). “Information Communication Technology for Teacher Education”. New Delhi: Kanishka Publishers


*****************************************************************************************

**Ms. Kajal H. Gajjar**
Assistant Professor
S.S. Patel College of Education
Kadi Sarva Vishwavidyalaya
Gandhinagar

Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat